ॐ श्रीं

સતપંથ સનાતન ધર્મો જય

મનહર જ્ઞાન

"સત્પંથ નામ શાથી ?"

૧. આકાશ (અ, પુરૂષ) વાણી (વેદો કિતાબો,) ને અખંડિત સત્ય નિષ્ઠાએ ભાષા કે સ્થળાદિ ભેદો વિના, પ્રાચિન, સમય સમયના ભેદોને, અર્વાચિન, સમયાનુકુળ વર્ણવેલ ને પ્રધાનપદે રાખી એક સરખી મનાય છે.

૨. અ, પુરૂષ (આકાશ) વાણીનો બોધ કરવા આવનારા ધ્યેય, પુરૂષો, (બાર કળા વાળાઓ) અખંડિત, સત્ય નિષ્ઠાએ પુરા પ્રેમે, કુળ, જ્ઞાતિ, વર્ણ, કે ભાષા, દેશાદિ, ભેદ વિના એક, સરખા પણ વર્તમાન પુરૂષ પ્રધાન પદે ધારી મનાય છે.

૩. આદ્દ પુરૂષથી અખંડિત સત્યતાએ [illegible] પ્રચરેલ પ્રણાલીકા (સોળ કળાવાન)ને, ભેદાભેદના ભવાડામાં પડયા વાના, વેદાધિ ખોળી, સાચવી એકજ સરખી રીતે યુગ યુગના વર્તનાનુસાર માનેલ, પુજેલ, ધારેલને જ મનાય છે.

—* પ્રકાશક *—

અરજનભાઈ કાનજીભાઈ પટેલ
દેવજીભાઈ કાનજીભાઈ પટેલ
સંતોષપુરા કમ્પા (તા. હિંમતનગર જી. સાબરકાંઠા)

પ્રત ૫૦૦]   જીજ્ઞાસુઓને યથાયોગ્ય   [સને ૧૯૬૫

ॐ શ્રી

સતપંથ સનાતન ધર્મો જય

મનહર જ્ઞાન

"સત્પંથ નામ શાથી ?"

૧. આકાશ (અ, પુરૂષ) વાણી (વેદો કિતાબો,) ને અખંડિત સત્ય નિષ્ઠાએ ભાષા કે સ્થળાદિ ભેદો વિના, પ્રાચિન, સમય સમયના ભેદોને, અર્વાચિન, સમયાનુકુળ વર્ણવેલ ને પ્રધાનપદે રાખી એક સરખી મનાય છે.

૨. અ, પુરૂષ (આકાશ) વાણીનો બોધ કરવા આવનારા ધ્યેય, પુરૂષો, (બાર કળા વાળાઓ) અખંડિત, સત્ય નિષ્ઠાએ પુરા પ્રેમે, કુળ, જ્ઞાતિ, વર્ણ, કે ભાષા, દેશાદિ, ભેદ વિના એક, સરખા પણ વર્તમાન પુરૂષ પ્રધાન પદે ધારી મનાય છે.


૩. આદ પુરૂષથી અખંડિત સત્યતાએ [illegible] પ્રચરેલ પ્રણાલીકા (સોળ કળાવાન)ને, ભેદાભેદના ભવાડામાં પડયા વીના, વેદાધિ ખોળી, સાચવી એકજ સરખી રીતે યુગ યુગના વર્તનાનુસાર માનેલ, પુજેલ, ધારેલને જ મનાય છે.

—* પ્રકાશક *—

અરજનભાઈ કાનજીભાઈ પટેલ
દેવજીભાઈ કાનજીભાઈ પટેલ
સંતોષપુરા કમ્પા (તા. હિંમતનગર જી. સાબરકાંઠા)

પ્રત ૫૦૦] જીજ્ઞાસુઓને યથાયોગ્ય [સને ૧૯૬૫

પરમ પૂજ્ય પિતાશ્રીને અર્પણ



જેના નુરનું મારા સ્થૂળ દેહમાં નુર છે. તે નુર એટલે જ્ઞાનનો પ્રકાશ, તેજ. જેના સંસ્કારોની મારા સ્થૂળ દેહમાં પણ પ્રતિતિ છે. જેના ધ્યેયથી મારા અંતર આત્માની જ્યોત જાગતી છે. જેના ધ્યેયના જીવનના મુખ્ય સિદ્ધાંત સ્વરૂપે છાપ પડેલી છે. જે ધર્મ વિષે, નૂતન વિચારણા કરવા આ પુરૂષ વાણીની પ્રેરણાને પામવા જીજ્ઞાસુ બન્યા છે. તેવા મારા પિતાજીને આ પ્રકાશનનું લખાણ તેમની તથા તેમના અને મારા સદગોરજીની કૃપાથી અર્પણ કરૂ છું.

નિમિત્ત : અંતર આત્મા

પ્રસ્તાવિક–ટુંક નિવેદન

આ મનહર સદ ઉપદેશનો અનુવાદ કરવાની અનાયાસે મારા અંતરમાં ઇચ્છા પ્રગટાવી તે, ઇચ્છાને શ્રી ખાકી સદ-ગોરની કૃપા કહું અગર તેઓશ્રીની પ્રેરણા કહું તો અસ્થાને નહી લેખાય.



શ્રી સદગોરની પ્રેરણાથી જ પ્રયત્ન સફળ થાય છે. તદ ઉપરાંત આ પ્રયત્ન ને પ્રોત્સાહન આપનાર કુટુંબી પિતા માતા બંધુઓનો સહકાર યશનામી ગણાય.

મારા સ્વભાવ ગુણ પ્રકૃતીથી હું સંપૂર્ણ માહિતગાર ન હોવાથી પ્રકૃતિના ગુણદોષથી પ્રગટ થતું અજ્ઞાન, દૈનિક ફરજોની કેટલીયેક નબળાઇઓ, મનની મોહક લાગણીઓને સમજવા, તે મિટાવવા, આ મનહર જ્ઞાનનો સદ ઉપદેશ સાધન રૂપ બનશે. તે હેતૂથી આ અલ્પ પ્રયત્ન છે.

૧. શ્રી સદગોર ખાકીએ પ્રગટ કરેલું તત્વજ્ઞાન તેમાંનાં કુલે ૫૫ પદ છે. તે દરેક પદની પાંચ પાંચ એમ કુલે ૨૭૫ કડીઓ છે. તેનોજ આ અનુવાદ છે.

૨. આ મનહર જ્ઞાનની મુળ આવૃતી, તે સમયે પ્રગટ કરનારનો હેતૂ આપ સહુ વાચકોથી અજાણ નહીં જ હોય છતાં આછો ખ્યાલ આપી ફરજ અદા કરૂ છું તેથી કોઇ અજાણ વાચકની જીજ્ઞાસાને સંતોષ થશે.

realpatidar.com

શ્રી સતપંથ સનાતન ધર્મના આદિ સદગોરો પૈકી વર્તમાન કળયુગના શ્રી સદગોર બ્રહ્મ ઇમામશાહ બાવાએ આ સતપંથ સનાતનનો પ્રકાશ ૬૦૦ વર્ષ પૂર્વે સારાએ ભારતખંડમાં તેમજ અન્ય વિદેશોમાં પ્રકાશિત કરેલ.

અમદાવાદથી દક્ષિણે દસ માઇલના અંતરે પિરાણા ગામે તેઓશ્રીએ તે ભૂમિમાં ૬૦૦) વર્ષ પૂર્વે કેટલાંયેક પરમાર્થિક કાર્યો કર્યા. જેની શુભ પવિત્ર નિશાનીમાં તે સ્થાન પૂજ્યધામ તરીકે હાલમાં અઢારે વર્ણ,માં જાતી કે ભેદભાવ વગર પૂજાય છે. અને તેની અમર યાદીમાં દર વર્ષે જન્મ જયંતી, મરણતિથી ઉજવાય છે. તેવા સદગોર શ્રી ઇમામ શાહ બાવાના વારસ પેગમ્બરો પૈકીના પેગમ્બર સ્વ. શ્રી ગુલામઅલી સાહેબ, તેમનાં ધર્મ પત્નિ અજનબીબી, કે જેમને પુખ્ત વયે પુત્ર રત્નની પ્રાપ્તિ થયેલ. તેવા પ્યારા પુત્રનું અકાળે અવસાન થતાં માતાનું હૃદય તે... ...ખથી વિહ્વળ બને છે. અને ખૂબ આઘાત અનુભવે છે તે પુત્રના મોહને ભૂલાવવા, મમતાને વારવા, તે સમય કાળે પુત્રના પિતા શ્રી ગુલામઅલી સાહેબે તેમનાં પત્નિને આ મનહર જ્ઞાનનો ઉપદેશ આપેલ અને તે ઉપદેશથી તેમને સંપૂર્ણ શાન્તવન, હૈયે બ્રહ્મજ્ઞાનની ઝાંખી થાય છે.

૪. મૂળ આવૃતિમાં આદિ લેખકે જયાં જયાં અજનબીબીને સંબોધીને; દાખલા તરીકે પદ ૩માં ("અજન ઓળખો તમે એણે મન") તે સ્થાને (" સજ્જન ઓળખો તમે એણે મન") આ રીતે સંબોધવામાં આવેલ છે.

તેમ કરવાનું કારણ હાલમાં આ ઉપદેશ આજના સજ્જનોને ગ્રહણ કરવાનો હોઇ તેમ લખવું મને ઉચિત જણાયું છતાં તેમ કરવામાં કોઇને અવિવેક જણાય, તો પણ શ્રી સદગોરજી તો દયાળુ જ છે. તેથી ક્ષમા અપે.

૫ ગત સમયની મારી સફરમાં કેટલાયેક જીજ્ઞાસુ મિત્રોની મને મુલાકાત થતી તે પૈકીના એક સદ ભાવિક, જ્ઞાન પિપાસુ, ભાઇશ્રી હરીભાઇ લાલજીભાઇ રહેવાસી શીવપુરા ડી. ધનસુરાના, તેઓશ્રી દૈવયોગે અમદાવાદ ડેલે મને મળેલા; તેમણે આ મનહર જ્ઞાનની મારા પાસેથી માગણી કરેલી, તે સમયે મારા વાંચવાના મોહને જીતી ન શકવાથી તેમની જીજ્ઞાસા મારાથી ન સંતોષાઇ, તેમણે મને મીઠું મર્મ સૂચન કર્યું. આવાં પ્રકાશનો પરમાર્થ ભાવે જીજ્ઞાસુઓને તમારે આપવાં જોઇએ તેમ જણાવ્યું. તે સમયે આ કથનને મારા મનમાં સ્થાન આપેલું નહી પરંતુ શ્રી સદ ગોર કૃપાએ આ પ્રકાશન પ્રગટ થાય છે. તેમાં તે હરીભાઇના શબ્દોએ પણ મારા અંતર આત્માને આ ચેતના આપી નિમિત્ત લીધુ હોય તેમ કહું તો તેમને અગર મને કોઇને અપવાદ, રૂપ નહી લાગે તેમને યશ મળે છે, મને પણ મારા પ્રયત્નથી, પુરૂષાર્થથી સંતોષ થાય છે. ૐ શાન્તી, ... શાન્તી, ... શાન્તી.

લેઃ—અંતર આત્મા
રવજીભાઇ કાનજીભાઇ પટેલ

પદ પ્રેરણા સં. ૨૦૧૭ — ફા. વ. ૧૩

દેશાઇપુરા

ખાકી-મહિમા

(કાયા નિર્મળ થઇ જાય. : રાગ)

ભાવે ખાકી ગુણ ગવાય, આવા સતસંગમાં;
સહેજે ભવ સાગર તરાય, સતોના સંગમાં. ટેક.

ખાકી ગુણ ગાવાનો અભ્યાસ રાખીયે;
હોય જો સદગુરૂ કરૂણાય-આવા સતસંગમાં ૧

ખાકીની ગતીનો ભેદ અભેદ છે;
એતો ન હાટે વેચાય-આવા સતસંગમાં ૨

હાટે વેચવા જતાં વેચાઇ જવાય છે;
કિંમત કોડીની થાય-આવા સતસંગમાં ૩

હોય ખાકી પદને જો પારખવા ભાવના;
[illegible] ...ાટે લેવાય-આવા સતસંગમાં ૪

શીરનાં સાટાં તે કેમ કરી જાણીયે;
આપ ખોવે શીશ જાય-આવા સતસંગમાં ૫

દાસ ખાકીનો વિનવે અંતરનો આત્મા;
ગુરૂ ગમ તેને દેવાય-આવા સતસંગમાં ૬

દાસ ખાકીનો વિનવે સતોના ચરણે;
ભાવે ખાકી ગુણ ગવાય આવા સતસંગમાં ૭

સહેજે ભવ સાગર તરાય-આવા સતસંગમાં,

લે. અંતર આત્મા

ॐ શ્રી

સતપંથ સનાતન ધર્મો જય

મનહર જ્ઞાન

સદ્‌ગુરૂ સાહેબને કરૂં સલામ,
સમરૂ એક નિરંતર નામ; ૧
સાંઇ સમરી નિત્ય જ્ઞાને મળીએ,
સઘળા મનના કુલક્ષણ તજીએ. ૨
ગુરૂ વચન તે સ્થિર થઇ સુણીએ,
સદગુરૂ બોધ તે પ્રેમે ભણીએ. ૩
ચંચળ મન તો સ્થિર થાએ,
રૂપિવર કરવો સમરણ ઉપાયે. ૪
કુ,મન કુ,ભાવ કુ,બુદ્ધ પરહરીએ,
સાહેબ નામ લેતાં નિશ્ચે તરીએ. ૫

તુહી સાચા સાંઇ હો....
અલ્લાહ અલ્લાહ જેને કીયા,
લીયા મહંમદ નામ;
મનહરશું નેહ જેને કીયા,
સૌ મળીયા અમર ઠામ. ૧

સઘળી વાતથી વાતજ સાર,
મનશુદ્ધ થાયે સકળ ભવપાર. ૨

કારણ સઘળું મનજ તણું,
મુનિવર એથી શું કહીએ ઘણું. ૭
કાયા કલેશ ન કરશો જન,
સ્થિર કરી રાખો ચંચળ મન. ૮
બ્રહ્મ જ્ઞાને મન સ્થિર થાયે,
મુનિવર બીજો ન કોઇ ઉપાયે. ૯
કાયા કાશી મન છે, શ્રી ગંગા,
ગોર નર ચરણે લાગે રંગા. ૧૦

તુ હી સાચા સાંઇ હો....
રંગે રંગાવો દિલમાં,
કેમ ફરો વનવાસ;
ઘટમાં તિર્થ સોધીએ,
તો પિયુજી તેરે પાસ, ૨

ઘટમાં તિર્થ ને ઘટમાં વન,
નિર્મળ હોવે જો આપણું મન. ૧૧
જ્યાં લગી મનશું ફરતા ફરીએ,
તિર્થ કે વનમાં અર્થ ન સરીએ. ૧૨
કારણ સઘળું મનનું જાણ,
અજન અજાણુ શું બોલો વાણ. ૧૩
શોધો શાસ્ત્ર ને વેદ પુરાણ,
પુછો સદગુરૂ પંડિત સુજાણ. ૧૪
સદગુરૂ શાસ્ત્ર તે પ્રમાણ આપ,
મન સ્થિર થાએ ન શોક સંતાપ. ૧૫

તુહી સાચા સાંઇ હો....
મન સ્થિર કરો મુનિવરો,
                    સ્થિર વિના દુઃખ અપાર;
કારણ સઘળું મન તણું,
                    સદગુરૂ કહે પોકાર. ૩

વળી વળી કીજે યેહી જતન,
                    જેમ નિર્મળ થાએ આપણું મન. ૧૬
સાંઇ સમરો તજો અભિમાન,
                    સદગુરૂ ચરણે કીજે ભકિત જ્ઞાન. ૧૭
ગુરૂ જ્ઞાને સત સંગત કરીએ,
                    માયા, મોહ, મદ, પરહરીએ. ૧૮
જ્ઞાન વચન હૃદયમાં ધરીએ,
                    સમરણ એક સાહેબનું કરીએ. ૧૯
એ, સદ ભકિત, એ, બ્રહ્મ જ્ઞાન
                    સઘળે કીજે દ્રષ્ટિ સમાન. ૨૦
સાચા સાંહિઓ હો
તુહી.... ઘટ ઘટ હરી વસી રહયો,
                    તમે જોઇ લેજો જાણ;
દેહ થકી ન અળગો વસે,
                    એમ સદગોરે કહ્યું જ્ઞાન. ૪
એવે અનુભવે હરિ સમરિયે,
                    સદગોર ચરણે કુ,બધ પરહરીએ. ૨૧
ખલકમાં ખાલક, ખાલકમાં ખલક,
                    એ બુદ્ધિ રાખે મુનિવર સાલક. ૨૨

સઘળે પૂર્ણ સાંઈ પ્રકાશ,
પ્રગટ ન ભાસે વણ વિશ્વાસ. ૨૩
વણ વિશ્વાસે વસ્તુ ન ફળે,
અકળ સ્વરૂપીને કોઈ ન કળે. ૨૪
વિષય વાસનામાં સર્વે મોહયા,
સજ્જન અમર ભેદ જ ખોયા. ૨૫

સુણો...સદ્ગુરૂ વચન ઘટમાં ગ્રહો,
તો કારજ સર્વે હોય;
મન નિર્મળ પળમાં કરો,
અમર પિછાનો સોએ. ૫

અમર પિછાણો તો મનને ગાળો,
કલ્પિત વસ્તુ જ્ઞાને વારો. ૨૬
આદ અનાદનો જાણો મર્મ,
તો એક સદંતર ભાસે બ્રહ્મ. ૨૭
સકળ શાસ્ત્રનો એ છે સાર,
બાહેર ભિતર જાણો બ્રહ્મ વિચાર. ૨૮
શુદ્ધ વિચારથી હું, તું, તજીએ,
સજ્જન અંતરમાં હરિને ભજીએ. ૨૯
સદ્ગુરૂ શાસ્ત્ર ને ઈશ્વર જ કહ્યાં,
જે મન નિર્મળ ધ્યાને ગ્રહ્યાં. ૩૦

સુણો...જો મન વશ ન રહે આપણું,
તો કેમ ઓળખીએ ઠામ;
મન સ્થિર થાએ નિજ મને,
તો ઓળખીએ અમર ધામ. ૬

માયા બ્રહ્મ તે એકજ જોયે,
વર્તમાને ઓળખાયે સોયે. ૩૧
માયા સંગે મન કલ્પિત ફરીએ,
બ્રહ્મ જ્ઞાને સકળ પરહરીયે. ૩૨
આપ વિચારી તમે જો જો જન,
સજ્જનો ઓળખો તમે એવું મન. ૩૩
મનના ધર્મ તે ઓળખીને તજીયે,
નર, નારાયણ નિરંતર ભજીયે. ૩૪
જહાં નર ત્યાં નારાયણ જાણ,
મન શુદ્ધ થાયે તો હોય ઓળખાણ. ૩૫
ટુંકી....મન શુદ્ધ કરો મુનિવરો,
મત કરો પરાઈ પંચાત;
મનનું લક્ષણ એ જ છે,
જે કરે અરી, પરી, વાત. ૭
શુદ્ધ મનનાં લક્ષણ એહ,
કોની નિંદા ન કરે તેહ. ૩૬
દેખે સઘળે અલ્લાહ, રહેમાન,
જેને અંતર છે બ્રહ્મ જ્ઞાન. ૩૭
અનેક સાધને ભક્તિ જો કરીએ,
બ્રહ્મ જ્ઞાન વિના અર્થ ન સરીએ. ૩૮
બ્રહ્મ જ્ઞાની ઉપાધી ન લેખે,
સજ્જન વીના અવર ન દેખે. ૩૯
અનેક રૂપ નામ ગુણ ને કર્મ,
દર્શન દેખે સબ ઘટ બ્રહ્મ. ૪૦

તુહી....સબ ઘટ માંઈ સમજીએ,
તો આવરણ સર્વે જાએ;
અવર ધ્યાન સર્વ પરહરો,
ત્યાં એકજ ધ્યાન લગાએ. ૮

અવર ઉપાધી સકળ પરહરીએ,
સજજનો અમર દ્રષ્ટિ કરીએ. ૪૧

અમર દ્રષ્ટિએ અર્થ જો સરીએ,
તો સંસાર સાગર સુખે તરીએ. ૪૨

અમર દ્રષ્ટે રહે તદાકર,
સજજનો અમર તે નિરધાર. ૪૩

મુનીવર સાવધાન થઈને રહીએ,
અમર દ્રષ્ટિ હ્રદયમાં ધરીએ. ૪૪

અમર દ્રષ્ટિએ અમર પરખાયે,
સજજનો અમર જોઈ મન હરખાયે. ૪૫

તુહી....અમર અલી અવતાર છે
આદ વિષ્ણું પ્રમાણ;
આલે અમર જે પ્રગટયા
સો હી પીર પીછાણ. ૯

હરીને જોતાં મન હોવે પ્રસન્ન,
અરૂ પરૂ કાંઈ ન જુવે મન. ૪૬

હરી ચરણે મન નિર્મળ હોએ,
મુનિવર હરિને નિરંતર જોએ. ૪૭

મનસા વાચાને કાયા સહી,
મુનિવર રાખો હ્રદયમાં ગ્રહી. ૪૮

ગોર, નરને, મીલ.વે જેહ,
સજજનો સત્ય ભાખે તેહ. ૪૯
સર્વ પ્રકારે મન દ્રઢ કરીએ,
સ્મરણ એક હરી ચિત્તો ધરિએ. ૫૦

તુહી....સાંઈ સમરણ કીજીયે.
સદગોર તણો લીજે ભેદ;
આદ વિષ્ણુ નર અલી સત્ય છે,
એમ બોલે ચારે વેદ. ૧૦

વેદ, તણુંજો રહ્યું કરીએ,
અલી નામ અંતરમાં ગ્રહીએ. ૫૧
અવર ઉપાયે અર્થ નવ સરીએ,
અલી, અલી, કહેતાં નિશ્ચે તરીયે. ૫૨
પ્રેમે પ્રિતે જપો અવિનાશ,
સજજનો અવરની તજો આશ. ૫૩
ફળને અર્થે ભજીયે સારંગ પ્રાણ,
તે દુકાનદારી પૂરણ જાણ. ૫૪
ફળ તજી સાહેબની સેવા કરીએ,
કેવળ ભક્તિ જ્ઞાન હૃદયમાં ધરીયે. ૫૫

તુહી....સાહેબ વહાલા સહુ કરો,
છોડો અવરની આશ;
સર્વે આશા પરહરો,
તો ગોર નર તેરે પાસ. ૧૧

વિષય વાસના પરહરે જે, જાણુ,
તેને સાહેબ વહાલા પ્રમાણુ. ૫૬
જેનું મન ગોરનર ચરણે રમે,
તેને અતિવિષ અન્ન નવ ગમે. ૫૭
જેણે એક સાહેબ વહાલા કરીઆ,
તેણે રિદ્ધી, સિદ્ધી, ભોગ, પરહરીયા. ૫૮
હરીને, હરીજન વહાલા સહી,
સત્ય, વાણી શ્રી મુખે કહી. ૫૯
શ્રી મુખે વાણીથી કહ્યું વચન,
સાંભળો મુનીવરો એકે મન. ૬૦

તુહી....શ્રી, મુખ વાણી ઓચરે,
મુજને વહાલા મીંત;
વિશ્વ વાસીનાં વચન પર,
સવેં ધરજો ચિંત્ત ૧ ૨

મુજને વહાલા મુનિવર જન,
જેનાં કહીએ નિર્મળ મન. ૬૧
તે, હરીજનની હું સેવા કરૂં,
તેનાં વચન મસ્તકે ધરૂં. ૬૨
હું, તે હરીજન, હરીજન, તે હું, જાણુ,
એમ કહે શ્રી મુખ વાણુ. ૬૩
હરી, હરીજનમાં અંતર નહી,
રૂપ બે, ઘટ એકજ સહી. ૬૪

હરીજન હરીજન નિશ્ચે કરૂં,
હરીજનને ક્ષણું ન વિસરૂં. ૬૫

તુહીં....હરીને હરીજન એક છે,
તેને દો, ન દેખો જાણ;
જેમ હંસ કાયામાં જાણીએ,
એમ શ્રી મુખ કહે વાણ. ૧૩

હરી હરીજન સદા એક જાણ,
સજજનો અંતરમાં નિશ્ચે આણ. ૬૬
હરીથી હરીજન મોટા સહી,
હરી ત્રિ,ગુણ, હરિજન ત્રિ,ગુણ નહી. ૬૭
હરીજનને એકજ હરી ચિન્તવન,
તે અવર કાંઇ ન ઇચ્છે મન. ૬૮
હરીજન પુજતાં વિષ્ણું પુંજાએ.
પૂજક પુજે હરી તૃપ્ત થાય. ૬૯
સાહેબ સઘળે એમ વેદ જ વદે.
પ્રગટ છે તે હરીજનને હૃદે. ૭૦

તુહી...પ્રગટ હૃદે હર જનને,
જેણે તજ્યા વિષય વિકાર;
અમર એલ અતોલ ગત,
તેનો કોઈ ન લેવે પાર. ૧૪

ક્ષાર ધરતી એ ઉદક ઓઆએ,
તેણે જળે કહ્યુ અર્થ ના હોએ. ૭૧

પ્રગટ હોએ ત્યાં કારજ થાએ,
હરી પ્રગટ જ્યાં હરીગુણ ગાએ. ૭૨

જેમાં લક્ષણ હોએ બત્રીસ,
એવા હરીજનને પ્રગટ જગદીશ. ૭૩

હરીજન લક્ષણ હૃદયમાં ગ્રહો,
સજ્જનો અંતરમાં સમજી રહો. ૭૪

સંતનાં લક્ષણ કહીએ જેહ,
એક ધ્યાને મુનિવર સુણીયે તેહ. ૭૫

સુણો....એક ધ્યાને થઈને સાંભળો,
સાવધાન થઇને ચોગ;

જેમ તેમ કરીને આદરો,
મૂક્તિ કેરા ચોગ. ૧૫

જેમ તેમ કરી આદરીયે વાત,
તો બ્રહ્મ જ્ઞાન પામીએ સાક્ષાત ૭૬

કહેમ, હૃદયમાં કુ:બુદ્ધ પરહરીએ,
હરીજન ક્ષમા સદા મન ધરીયે. ૭૭

સત વચન બોલે સંત જન,
જેને અંતરમાં વહાલા ભગવાન. ૭૮

હરીજન હરી ચરણે ચિત માંડે,
અવર કુ.માર્ગ સર્વે છાંડે. ૭૯

હર્ષ શોક ન કરે સદાયે,
પર ઉપકારે હર્ષ શું ધાયે. ૮૦

તુહી....પર ઉપકારી પરમાર્થી,
હરીજન તેનું નામ;
કામ ક્રોધ લોપે નહી,
નિર્મળ બુદ્ધિ તમામ. ૧૬

કામ, ક્રોધ, વશ કરે જેહ,
ધીર વીર તે જાણો તેહ. ૮૧
ઈન્દ્રીઓ સર્વે પવિત્ર કરીએ,
નિર્દોષ થઈને ચારે દિશે ફરીએ. ૮૨
કોમળ સ્વભાવ સંતોષ ગ્રહીએ,
જાહેર બાતિન પવિત્ર કરીએ. ૮૩
સાચા હરિજન એક ચિત્તે હોયે,
વિષય વિકાર તેને ન હોય. ૮૪
હૈયે ન ઉપજે અભીમાન,
ભકિત જ્ઞાન તે સત્ય જાણ. ૮૫

તુહી....સત્ય કરી જાણો તે હરીજનને,
જેને એક હરીની ઓથ;
અહાર વ્યેવહારને વળગી રહે,
તેના ભકિત થોથ ૧૭

જુગતે આહાર ને જુગતે વહેવાર,
સજ્જન અંતરમાં વસ્તુ વિચાર. ૮૬
શીળ સ્વભાવ હરીજન ધરાયે,
તેણે સ્થિરતાને સદા અનુસરીએ. ૮૭

સદગુરૂ સાહેબને શરણે રહીયે,
સાચી ભકિત તેની કરીએ. ૮૮
મન નિર્મંળ તે મુનિવર જાણ,
બાહેર ભીતર, સારંગ પ્રાણ. ૮૯
અભય પદે નિત્ય રહે સાવધાન,
આઠ મદનું નહી અભીમાન. ૯૦
તુહી....આઠ મદ અભીમાનના,
એથી પર હરીજન નિર્ધાર;
ધીર વીર સાચા સદા,
તેના અનુભવનો નહી પાર. ૧૮
જેના અનુભવનો નહી પાર,
ગુણ ગંભીર તે હરીજન સાર. ૯૧
ધરતી જેવા ગુણ ગ્રહીએ,
ખીર ગ્રહી ક્ષાર પરહરીએ. ૯૨
સત્ય સોહી જો હંસવૃતી ધરીયે,
સાર ગ્રહી ક્ષાર પરહરીએ. ૯૩
સદગોર સાહેબ તે ખીર જાણો,
વણસે વિશ્વ તે નીર પ્રમાણો. ૯૪
હરીજન કરે હરીનાં વખાણ,
હરી ચરણે હરીજન નિર્વાણ. ૯૫
તુહી... ૫૮ ગુણ જીતે હરીજન,
માન રહીત થઈ મિત.
તે વૈરાગી વિશ્વવાસી ખરા,
હરીજનની એ પ્રિત. ૧૯

૫૨

૫ટ ગુણુ જીતે હરીજન જાણુ,
માન રહીત તે ઉત્તમ જાણુ. ૯૬
સર્વ સૃષ્ટિને દે અતી માન,
આપ વિષે નહી અભીમાન ૯૭
કલ્પ વૃક્ષની પેરે સમર્થ,
ઉત્તમ હરીજન ટાળે અનર્થ. ૯૮
મિત્ર ભાવ સઘળે છે જેને,
રહેમ હૃદયમાં કહીયે તેને. ૯૯
હરીજન સમ સંત નહી કોઇ,
મહાપદ પદવી નીરંતર જોઇ. ૧૦૦
તુહી મહા પદવી હરીજનને,
જે જીવતાં મૃત્યુ હોયે
અનંત લોચન ઉઘડીયા,
સબ ઘટ દર્શન જોયે ૨૦
સાંઇ પ્રગટ હરીજનને હૃદે,
સદગોર શાસ્ત્રને વાણી વદે. ૧૦૧
હરી, તે હરીજન, હરીજન તે હરી,
એ જ્ઞાન રાખો હૃદયમાં ધરી. ૧૦૨
શ્રીમુખ વચન બોલે જોએ,
સજ્જન અંતરમાં પ્રગટ હોએ. ૧૦૩
આદી સદગુરૂને સેવે જેહ,
સુખે પ્રેમ પદ પામે તેહ. ૧૦૪
આઆ કહેલ ન કરવાં કર્મ,
સત,સંગતે મળીએ પરિબ્રહ્મ. ૧૦૫

ટુકી....પરિબ્રહ્મ સદગુરૂ તો મલે,
જો ગુરૂ ભેદ પિછાન.
તે મર્મ હરીજનને હૃદે,
તે હરીજન મહીમા જાણ ૨૧

સત સંગતનો મહીમા ઘણો,
પાર ન પામે કોઇ તે તણો. ૧૦૬
એક મને સેવો તો હરી પિછાનો,
સત્ય સંગતે તમે સાધન જાણો. ૧૦૭
સત્ય સંગતે થાય બ્રહ્મ જ્ઞાન,
બ્રહ્મ જ્ઞાને થાયે દ્રષ્ટિ સમાન. ૧૦૮
દ્રષ્ટિ સમાને સઘળે હરી જોએ,
સજજનો ~~[illegible]~~ જીવન મૂકત હોવે. ૧૦૯
સાવધાન થાઓ હે રૂષિજન,
સાંઇ સમરણનું કરો જતન. ૧૧૦

ટુકી....શાહ, સમરણ કરો હરીજનો,
સાધન કરો તન મન,
પુંજી છે પરિબ્રહ્મની,
મનુષ્ય જન્મ રતન. ૨૨

મનુષ્ય જન્મ મૂકિતનો દ્વાર,
તે નહી પામો વારંવાર. ૧૧૧
જે ક્ષણ જાએ તે આવે નહી,
સાંઇ સમરણ તે સાધો સહી. ૧૧૨

શ્રીમુખે, સાહેબે કહ્યું તે કહું,
સજ્જનો મનમાં વસી રહ્યું. ૧૧૩
પંથ માહે મત છે ઘણા,
માર્ગ રોકયા સહુ ભકિત તણા. ૧૧૪
તેને જોઈ રાખો સ્થિર ચિંત,
સદ્ગુરૂ સાહેબ શું રાખો પ્રિત. ૧૧૫
તુહી...એક અવિચળ ચિંત રાખીયે,
અને શ્રદ્ધાએ ભકિત ભગવંત.
અરૂ પરૂ નવ જોઈએ,
તો ચોકખાં હોવે ચિત્ત. ૨૩
સત્ય હરિજન ગુણુ જ્ઞાની જાણુ,
જે નર જપે એક પુરૂષ પુરાણુ. ૧૧૬
પ્રથ વિના જેમ ભોજન કે, શું.
ભકિત વીના સાધન તે શું. ૧૧૭
સાંઈ સમરણુ જેણે કરીયાં,
તેનાં સાધન સર્વે સરીયાં. ૧૧૮
હરી હોયે ત્યાં સર્વે થાએ,
બીજો નથી કોઈ ઉપાયે. ૧૧૯
હરી સમરણે સકલ શુભ થાએ,
મોક્ષ ગતિએ ચ.રે પમાએ. ૧૨૦
તુહી....ચારે પદાર્થ પામે સહી,
સમરે સારંગ પ્રાણુ,
વળી વળી સમરો તેહને,
ચોકખે ચિત્ત પ્રમાણુ. ૨૪

વળી વળી એ જુગતીએ મળીએ,
સાંઈ સમરતાં દુઃખ, ટળીએ. ૧૨૧

સાંઈ સમરણ તણો એ છે નેમ,
સદગોર સાથે નિરંતર પ્રેમ. ૧૨૨

સવેં સમરણ સાંઇનું કરીએ,
નીંદા જુઠ મનથી પરહરીએ. ૧૨૩

મન વચન કાયાએ કરી,
સઘળે જાણો એક શ્રી હરી. ૧૨૪

સર્વ સૃષ્ટિ શું સરખી પ્રિત,
સજ્જનો અમરની સમરણ રીત. ૧૨૫

તુહી....એજ રીત સમરણ તણી,
નિર્મળ ભકિત પ્રમાણ.

અખંડ ધ્યાને આરાધીયે,
તે અનિત્ય ભકિત જાણ. ૨૫

અનિત્ય ભકિત તેનું નામ,
સાંઇ વિના નહિ ઠાલો ઠામ. ૧૨૬

સઘળે જાણો એક રહેમાન,
સજ્જનો અમર તે તત્વ જ્ઞાન. ૧૨૭

સમ ઘટ જાણી સર્વને વંદો,
સજ્જનો અંતરે કોઇને ન નિંદો. ૧૨૮

આત્મા સર્વનો અંતરયામી,
સબ ઘટ સરખો એકજ સ્વામી. ૧૨૯

બાહેર ભિતર એક હરીનો વાસ,
સદ ગોર સર્વે કરે પ્રકાશ. ૧૩૦

ત્રુટી....સર્વને સદગુરૂ કહે,
તમે ચેતો મુનીવર વીર;
બાહેર ભીતર વસી રહ્યો,
સર્વે નિર્મળ શરીર. ૨૬

બાહેર ભિતર એકજ સાંઈ,
અંતર દ્રષ્ટિ રાખો દીલમાંહી. ૧૩૧
નિત્ય સદગોર સાહેબ ચરણે રહીએ,
સબ ઘટ સાહેબ જ્ઞાને લહીએ. ૧૩૨
અનુભવી, જ્ઞાની, મુની, મહંત,
સંસારીને તે દુર્લભ સંત. ૧૩૩
પૂર્વે પ્રિત જેને નહિ હોય,
જ્ઞાની પુરૂષને ન ઓળખે તેહ. ૧૩૪
પ્રપંચ માંહે રહે જેનું મન,
અંતરમાં તેને નહી જ્ઞાન. ૧૩૫

ત્રુટી...સંસારી તેને કહો,
જેને પ્રપંચ ઉપર પ્રિત;
અસત્ય ને જે સત્ય કહે,
તે જ્ઞાની તણી નહી રીત. ૨૭

અસત્યને જે સત્ય કરી ગ્રહે,
તેને હ્રદે સાંઇ નવ રહે. ૧૩૬
સદગોર સ્મરણે અર્થંજ સરીએ,
જન્મ મરણના ફેરા ટળીએ. ૧૩૭
સર્વે શાસ્ત્ર કેરા ચેહી ભેદ,
ચૈતન પુરૂષ તે ઉત્તમ એહ. ૧૩૮
આત્મા જાણી સર્વને નમીયે,
સજ્જનો સહુના અંતરમાં ગમીએ. ૧૩૯
અંતર દ્રષ્ટિ જુઓ એક શ્યામ,
બાહેર દ્રષ્ટિ સરે ન કામ. ૧૪૦

તુહી...બાહેર દ્રષ્ટિ ન રાખીયે,
અંતર દ્રષ્ટિએ હરી જોએ;
કૃપા હોએ સદગોર તણી,
તો અંતર દ્રષ્ટિ હોય, ૨૮

અંતર દ્રષ્ટે દર્શન નિર્ખો,
બાહેર દ્રષ્ટે સાંઇ નવ પેખે. ૧૪૧
ગોર નર કહે ઘણું ઘણું પે.ક.રી,
બાહેર દ્રષ્ટિ તમે રાખો વારી. ૧૪૨
અંતર દ્રષ્ટિ નિરંતર ધરીયે,
સજ્જનો અંતરથી દ્વૈત પરહરીયે. ૧૪૩
હરી તે હર, હર, તે શ્રીહરી,
વેદ વચને વાણી ઓચરી. ૧૪૪

અજિત જ્યારે અંગીકાર કર્યું,
હરિહર નામ તે ત્યારે ધર્યું. ૧૪૫

દુહો...હરીહર નામ તે ત્યારે ધરીયું,
કર્યું અંગીકાર અભેદ;
હરી ને, હરમાં અંતર નહીં,
એવા જાણો મુનિવર ભેદ, ૨૯

હરી ને હર,માં કશો ન ભેદ,
એમ બોલે છે, ચારે વેદ. ૧૪૬
નર, નારી, જગત સૌ એહ,
સજ્જન અંતરમાં નહિ સંદેહ. ૧૪૭
નારાયણ નરને વિસારે નહિ.
નરનુ મન તે નારાયણ સહી. ૧૪૮
એક આત્માને જુજવાં રૂપ,
આખર જોતાં એક સ્વરૂપ. ૧૪૯
બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર જાણ,
એ ત્રી,મુરત એક નિર્વાણ. ૧૫૦

દુહો....એક મૂરત ત્રણ દેવ છે;
એ કહીએ એક સમાન;
ત્રણ ગુણ પ્રતિ તે થાય છે,
દ્રઢ મન કરી પિછાન. ૩૦

લક્ષ ચોરાસીને ચારે ખાણ,
એક સ્વરૂપથી સર્વે જાણ. ૧૫૧

કારણ કારજ રૂપ ઉપસીયું,
કારણ માંહે તે કારજ વસીયું. ૧૫૨

કનક કુંડળે જળહળે જેમ,
બ્રહ્મ માંહે બ્રહ્માંડ છે તેમ. ૧૫૩

તત્વ વિના પિંડ ન હોય,
પિંડ માંહે તે તત્વ સોહી. ૧૫૪

સર્વે ઉત્પતિએ જગદિશ,
સર્વ ઘટમાં એકજ ઇશ. ૧૫૫

ત્રુંહી....સબ ઘટ એકજ સાંઈ છે,
એક અનેક જો સાર;
સદગુરૂ વચને જ્ઞાન કહ્યુ,
થોડા માંહે અપાર. ૩૧

થોડા માંહે પ્રબોધ છે ઘણી,
નિદ્રા ન કીજે કોઈ તણી. ૧૫૬

સર્વ સૃષ્ટિને પ્રણામજ કરીએ,
સદગુરૂ વચન હૃદયમાં ધરીયે. ૧૫૭

શુદ્ધ સમરણ હૃદયમાં રાખો,
ઘેલા થઇ કાં જેમ તેમ હાંખો. ૧૫૮

જેમ તેમ હાંખે અર્થ ન સરીયે,
કાચે કુંભે નીર ન ભરીયે. ૧૫૯

શાસ્ત્ર ભણતાં ન આવે જ્ઞાન,
અને વિશેષે આવે અભીમાન. ૧૧૦

તુહી....અભીમાન તજો મુનિવરો,
સદગુરૂ પારસ પિછાન;
હિર હિરો, વિંધીએ
તે હરી પારસ કરી જાણ્યુ. ૩૨

ઘમીયું સોનું વહી કરી જાએ,
સજ્જન તેનો કોઇ ન ઉપાએ. ૧૧૧
સદગુરૂ જ્ઞાનનો ભેદજ લઇએ,
કર્મ ફળને વળગી ન રહીએ. ૧૧૨
ભેદ ના જાણે સદગોરનો સાર,
જેમ ખર, પર, ચંદન વહે ભાર. ૧૧૩
આહાર નિંદ્રાને ભય મૈથુન,
સર્વે દેહને જાણો સરખા જન. ૧૧૪
મનુષ્યા દેહીને અદકું જ્ઞાન,
જ્ઞાન નહી તે પશુ સમાન. ૧૧૫

તુહી....જ્ઞાન સમજો મુનિવરો,
સ્થિર કરવાને મન;
સ્થિર મને મૂક્તિ મળે,
એમ જાણો મુનિજન. ૩૩

ભેદું જાણી જે ન, ચેત્યા જ
બ્રહ્મ જ્ઞાન વિના ન છૂટે કર્મ. ૧૧૬

સજ્જન અંતરમાં રાખી રહીએ,
વાદ વિવાદ વિષય પર હરીયે. ૧૬૭
મુનિવર સર્વને હેતે મળીએ,
મન ચિંત ગુરૂ ચરણે ધરીયે. ૧૬૮
મન માંહેથી જો મમતા તજીયે,
તો ઘટ માંહે બ્રહ્મ જ્ઞાન સજીયે. ૧૬૯
જ્યાં લગી મમતાએ હું, હું, કરશો,
ત્યાં લગી કાયા કલેશ ભોગવશો. ૧૭૦
તુહી...કાયા કલેશ ન કીજીએ,
નમંળ કીજીએ દેહ;
વાસના સર્વે છોડીએ,
એક સુજન સાથે નેહ. ૩૪
સર્વ વાસના જ્યારે નિસરે
અંતર માંહેથી દુઃખ ટળે. ૧૭૧
સત્ય સંગે થાયે વાસના ભંગ,
હરી ચરણે જો લાગે રંગ. ૧૭૨
સદગોર કર્યાની જાણો જુગતી,
હરી ચિંતવે થાયે જીવની મૂક્તિ. ૧૭૩
સદગુરૂ ક્રિયા સત શાસ્ત્ર હોયે,
સત્ય શાસ્ત્રે તે હરજન જોએ. ૧૭૪
સજ્જન અંતરે પર્માર્થી હોયે,
સાચા હરિજન કહીએ સોએ. ૧૭૫

ગુણી....પરમાર્થી બુદ્ધિ રાખીયે,
તો ચિંતે આવે જ્ઞાન.
ચિંત ચોકખાં ચંદન કરો,
તો ટળે મોહ ને અભીમાન, ૩૫

પરમાર્થી ગુરૂને જ્યારે મળીએ,
ત્યારે જીવનાં સંકટ ટાળીએ. ૧૭૬
સંકટ ટાળીને સમજી રહે મન,
તે, ના, કરે વિષય ચિત્તવન. ૧૭૭
વિષયનું ચિંતવન છે, જેને,
મહા મૂર્ખ કહીયે તેને. ૧૭૮
દુઃખ પ્રવૃતીં તે નર્ક જાણુ,
વિષયોથી વૈરાગ જ આણુ. ૧૭૯
વિષયોથી વૈરાગ છે જેને,
જીવન મૂક્ત કહીયે તેને. ૧૮૦

ગુણી....જીવન મુક્ત હોઇ રહો;
તજો વિષય વિકાર;
જો મન એક્ષ ઓકળાં,
તો ઠરી બેસાડો ઠાર. ૩૬

વિષય સાથે જ્યાં મન હોય,
ત્યાં ઠરી ઠાર ન બેસે કોયે. ૧૮૧
સર્વ ધર્મ ખટ દર્શન ધામ,
કુળની ક્રિયાએ મળે શ્યામ. ૧૮૨

https://archive.org/details/mail_realpatidar_Bk18/page/n31/mode/1up

સજ્જન સાધન એક વૈરાગ,
ન પ્રગટે અંતરે વણ ભાગ્ય. ૧૮૩
જ્યાં વૈરાગ ત્યાં રિદ્ધ, સિદ્ધિ,
જ્યાં વૈરાગ ત્યાં નવ નિદ્ધિ. ૧૮૪
સકળ પદાર્થ વૈરાગજ જાણ,
સજ્જનો અંતરે સાધન પ્રમાણ. ૧૮૫
ત્રુહી....સાધન કરો વૈરાગનું,
તો સકળ પદાર્થ હોય;
વણ વૈરાગે માનવી,
અર્થ સરે ના કોય. ૩૭
વણ વૈરાગે અર્થ ન સરીએ,
વણ વૈરાગે મન ભટકતાં ફરીયે. ૧૮૬
વણ વૈરાગે ન ટળે અભીમાન,
વણ વૈરાગે ન મલે નિજ જ્ઞાન, ૧૮૭
વિવેક, વિચાર, વૈરાગ, ધ્યાન,
સકળ પદાર્થ એ ચારે માન. ૧૮૮
એ ચાર વાકય હ્રદયમાં ધરીયે,
સજ્જનો અંતરમાં હરીને મળીએ. ૧૮૯
સર્વ સાધનમાં મૂખ્ય વિવેક,
જે થકી ટળે અજ્ઞાન અનેક. ૧૯૦
ત્રુહી....અજ્ઞાન ટળે સદ જ્ઞાનથી,
મન પામે અવિચળ ઠામ;
તેને ન ઉપજે ઉરથી,
અહંકાર ક્રોધ ને કામ. ૩૮

આપે મનને અવિચળ ઠામ,

નવ ઉપજે ત્યાં ક્રોધ કે કામ. ૧૯૧

સદજ્ઞાને વિવેક જ ઉપજે,

મન સઘળાં કુલક્ષણ તજે. ૧૯૨

જ્ઞાન યથાર્થં અનુભવે લઈએ,

ત્યારે મન કલ્પીતથી રહીએ. ૧૯૩

વિષય વાસના કરીયે ત્યાગ,

ધરીયે ભક્તિ તીવ્ર વૈરાગ. ૧૯૪

મનને જીતવા ચાહે જેહ,

સજ્જન વૈરાગ સાધન છે એહ. ૧૯૫

ગ્રહી....ગ્રહી જુઓ વૈરાગને,

સાચી ભક્તિ એહ;

વણ વૈરાગે સ્થિર નહીં,

મુનિવર જાણો તેહ ૩૯

બ્રહ્મજ્ઞાન સત્ય મન ધરીયે,

ભક્ત જ્ઞાને નિત વિચાર કરીયે. ૧૯૬

બ્રહ્મ જ્ઞાને મન સ્થિર થાય,

સજ્જન બીજે ન કોઈ ઉપાયે ૧૯૭

બ્રહ્મ વીણ કરે જે અભ્યાસ

સમજણ માંહે આવે વિનાશ. ૧૯૮

જેને નિત્ય સત સંગનું ચિંતવન,

તેનું નિશ્ચે સ્થિર થાએ મન. ૧૯૯

દેહ સ્વભાવ એણી પેરે ટલાએ,

તો મન આત્મા ચૈતન્યને મળીએ. ૨૦૦

તુહી... આપનું આપ ચિન્હે નહી,
કરે અવર શું પ્રિત;
કદી ના હોવે તેમને,
ગોર નર સાથે પ્રિત ૪૦

ભિતર ભેદની વિદ્યા ખરી,
જેણે બેસે મન ઠામે ઠરી. ૨૦૧
ભિતર ગળે વાસના લિંગ,
નિવૃત પામે સઘળું અંગ. ૨૦૨
શ્રીમુખ સ્વામી કહે છે એહ
ભિતર સમજે તે પુરૂષ વિદેહ, ૨૦૩
એવાં લક્ષણ હૃદયમાં ધરિયે,
અંતર માંહેથી દ્વૈત પરહરીયે. ૨૦૪
પૂર્ણ ભાગ્યે તે મુનિવરે લહ્યું,
શ્રીં મુખ સ્વામીએ એમજ કહ્યું ૨૦૫

તુહી.... શ્રી મુખ નારાયણ કહે,
બ્રહ્મ જ્ઞાન મુખવાણ;
સબ ઘટ સાહેબ એક છે,
આદિ અંતે એકજ જાણ ૪૧

નારાયણે બ્રહ્માને કહ્યું જ્ઞાન,
આદિ અંતમાં મુજને જાણ. ૨૦૬
એવા અનુંભવે અંતર આણ,
બ્રહ્મા, તે, કહીએ આદ નારાયણ. ૨૦૭

બ્રહ્માએ નારદને કહ્યું જ્ઞાન,
પામ્યા દેવ ઋષિવર નિધાન. ૨૦૮
નારદે તે, વેદમ વ્યાસને કહયું,
મુનિવરનું મન પ્રસન્ન થયું. ૨૦૯
વ્યાસે સુખદેવને આપ્યો ઉપદેશ,
તેથી ટળે મનના સંદેહ. ૨૧૦
તુંહી....જીવ પણું મુકાએ સદા,
શુકજીએ કહ્યું જ્ઞાન;
જનક વિદેહી પામીયા,
આ જ્ઞાન પરમ નિધાન. ૪૨
શુકજીએ પરિક્ષતને કર્યો ઉપદેશ,
તેથી ટળીયા મનના સંદેહ. ૨૧૧
સુણતાં ઉપજ્યું, તે બ્રહ્મ જ્ઞાન,
પામ્યા પદ પરિક્ષત નિર્વાણ. ૨૧૨
બ્રહ્મ જ્ઞાને જેણે ભકિત લહી,
તેના અંતરમાં જ્ઞાન જ્યોત જ સહી. ૨૧૩
અનેક જ્ઞાનીને રાજા રાચે,
બ્રહ્મ જ્ઞાને પદ પામ્યા સોહી. ૨૧૪
દ્વૈત તજીને હરીને મળીયા,
ક્ષણ એકમાં હરીપદે ભળીયા. ૨૧૫
તુંહી...હરી પદ લે કોઇક વિરલા,
સદગુરૂ કહે પોકાર;
સદગુરૂ ચરણે જેમ જેમ રહે,
તેમ ચિત્તજ આવે ઠાર. ૪[illegible]

જ્યાં લગી દ્વૈતને નવ તજીયે.
ત્યાં લગી જીવન મોક્ષે ન મળીએ ૨૧૬
જ્યારે દ્વૈતનો આવે અંત,
ત્યારે અંતરમાં પ્રગટ ભગવંત. ૨૧૭
અંતર દર્શને અજ્ઞાનજ ટળીએ,
નહી તો મોહ માયામાં ફરતા ફરીયે. ૨૧૮
સમરણુ એક ગોર નરનું કરીએ,
એકજ ભાવે નિરંતર ભણિયે, ૨૧૯
સર્વ સૃષ્ટિમાં એક આત્મા જોયે,
આપે અંતર અવલોકે સોયે ૨૨૦
ચોહી....અંતર ગત ઉલ્ટી કળા,
સાધન ન જાણે કોયે;
કૃપા થાએ સદગોરની,
તો પ્રત્યક્ષ દર્શન હોય. ૪૪
આત્મા સર્વે અંતર શોભાના,
ઉત્તમ ભકિત તે દ્રષ્ટિ સમાના. ૨૨૧
સદગુરૂ ચરણે જેનું મન મગ્ન,
તે વિષયનું ના કરે ચિંતવન, ૨૨૨
હરિના ભકત ઉત્તમ સહી,
જેને વિષય સુખમાં મન નહિ. ૨૨૩
જેને શ્રી રંગ વહાલા સહી,
તેને શાસ્ત્રોનું અભીમાન નહી. ૨૨૪
જેને વહાલા સદગોર જાણુ,
તે સઘળે દેખે એકજ શ્યામ. ૨૨૫

તુકી...કાળ અહંકાર ને નિંદાપણું,
આ છે અજ્ઞાનનું મુળ,
આશા તૃષ્ણા એ મોક્ષ નહી,
તે સહુ છે મોટાં શુળ. ૪૫

સતસંગ વહાલો તે વિષ્ણુ જન,
દિવ્ય દ્રષ્ટિ જેનું એક મન. ૨૨૬
પતિવૃતાની પેરે સોએ,
બીજા વિષે કાંઇ ચિંત ન હોએ. ૨૨૭
પતિવૃતા, પિયુ પર બારી નમે,
તે સાધવી ભરથારને ગમે. ૨૨૮
એમ સમજીને સદગોર સમરીયે,
બીજા કોઇનો દ્વેષ ન કરીએ. ૨૨૯
શ્રવણ, સમરણ, કિર્તન સેવા,
અવર વંદન દાસત્વ મેવા. ૨૩૦

તુકી....સાત પ્રકાર ઉપર કહ્યા,
સુણો મુનિવરો એક ધ્યાન;
બે પ્રકાર પાછળ કહુ,
નવધા ભક્તિ નિર્વાણ. ૪૬

સખા ભાવ આત્મ વંદન,
નવધા ભક્તિ રાખે કોઈ જન. ૨૩૧
એવે પ્રકારે સદગોરને ભજીયે,
કાળ, અહંકારને વાસના તજીયે. ૨૩૨

જેને સદગોર શું નિરંતર પ્રેમ,
તેને સદગોર આપે યોગ, ક્ષેમ. ૨૩૩
યોગ ક્ષમાએ વાસના ટળીએ,
યોગ ક્ષમાએ સાંઈમાં ભળીએ. ૨૩૪
યોગ ક્ષમાએ ટળે જન્મ મરણ,
યોગ ક્ષમાએ શીતળ અંતઃકરણ. ૨૩૫
તુહી....યોગ ક્ષમા જે પાળે સદા,
અનુભવી દિશે અપાર;
તેનો અર્થ આગળ કહું,
સુણો મુનિવર સાર. ૪૭
યોગ ક્ષમાએ સમ બુદ્ધિ, પ્રકાશ,
યોગ ક્ષમાએ શાન્તીનો નહિ નાશ ૨૩૬
સમબુદ્ધિ, અર્થે યોગીજન,
આચરે અનેક યોગ સાધન. ૨૩૭
એવા ભાવે, શ્રી હરીને નમીએ,
ગોર નર દયાએ સમબુદ્ધિ પામીએ. ૨૩૮
આપો સમ બુદ્ધિ અંતર યામી,
અંતર આત્મા કહે પરનામી. ૨૩૯
સ્વામી, સેવક અપરાધે ભરીયા,
તુજ શરણે શીશ ધરીયાં. ૨૪૦
તુહી....સજજનો સ્વામી શરણે રહી,
ગોર નર શું કરો સ્નેહ;
ગ્રંથ માંહે જે તત્વ છે,
તે અંતર માંહે લેહ. ૪૮

શરણે આવ્યાની રાખો લાજ,
દયા કરો શ્રી નિષ્કલંક મહારાજ. ૨૪૧
માગું રિદ્ધી, સિદ્ધી, નહી ભોગ.
માગું એક પરમાર્થ યોગ. ૨૪૨
એ લક્ષણ હૃદયમાં ગ્રહી,
એક સાંઈ વિના બીજું ભાસે નહી. ૨૪૩
કરૂં વિનંતી હું કેટલી કથી.
સેવક તણી એ શકિતજ નથી. ૨૪૪
આપે રહિમ, તે રહેમ જ કરશે.
સજ્જનો અંતર માંહે કારજ સરશે. ૨૪૫
તુલ્હી....કારજ સરે સદગોરથી,
તે સમજ અંતરમાં રાખો,
પ્રેમે સંભળાવ્યું જ્ઞાન જે,
તે રક્ષ હૃદયમાં ચાખો. ૪૯
સફળ મનુષ્ય જન્મ જેહ,
બિના ભકિત અવરથા તેહ. ૨૪૬
ખાકીએ કહ્યું જે વારંવાર,
ખાકી સેવક કહે આ સાર. ૨૪૭
સાચા જ્ઞાન સહુ એમ વદે,
ગોરનર સમરણ રાખો હૃદે. ૨૪૮
બાહેર ભિતર એકજ સાંઈ,
સાંઇ વીના ખાલી ઠામ નાંહી. ૨૪૯
આમ ઘટ સર્વે એકજ શ્યામ,
અનંત રૂપને એકજ નામ ૨૫૦

તુહી...અનંત નામ, રૂપ, તેહનાં,
અનંત ચરિત્ર અપાર;
અનંત લીલા વિસ્તારીયા,
અનંત લોચન નિરધાર. ૫૦

અખંડ નારાયણ સર્વમાં હેવા,
સર્વમાં વિષ્ણું જાણો તતખેવા ૨૫૧
ભિતર બાહેર સકળ સચરાચર,
સબકે ચિત્તમેં વ્યાપક ભરપુર. ૨૫૨
ઋષિ, મહાત્મા અલી સાંઈ,
અંતર આત્મા બલીહારી જાઇ ૨૫૩
મુનિવર સંશય ન રાખો મન,
નહી અલી વીના કોઇ જન. ૨૫૪
એક અનેક મળીને એક,
સાચો સાધન એહી વિવેક ૨૫૫

તુહી... પુર્ણ વિષ્ણુ સાચા અલી,
અનંત લીલા અપાર;
અક્ષર રૂપ અરૂપના,
તેનો પ્રેમે સમજો ચિતાર. ૫૧


ભક્તિ એક ને ભેદ છે બહુ,
આદિ અંત મધ્યે એક જ કહું. ૨૫૬
બાહેર ભિતર સર્વે બ્રહમ,
સમજુ સમજી લ્યો નિજ મર્મ. ૨૫૭

સુવર્ણું એક, આભુષણુ અપાર,
સર્વ સુવર્ણું જાણો નિરધાર. ૨૫૮
દેવ મનુષ્ય આદિ ત્રિજક બહુ,
કેવળ વિષ્ણુવ, બુદ્ધ, જાણો સહુ. ૨૫૯
એ ઉપદેશ અંતરમાં ધરીયે,
સફળ સૃષ્ટિને હેતે મળીયે. ૨૬૦
તુકી...અનંત રૂપ અવતાર ગત,
સ્થાવર જંગમ સ્વરૂપ;
આદી બ્રહ્મ સદગોર નમી,
વિષ્ણુ તેજ અલી સ્વરૂપ. ૫૨
વૈષ્ણવ વાક્ય તે હૈયે ધરીયે,
સમરણુ નિરંતર તેનું કરીએ. ૨૬૧
સદગોર જ્ઞાન શીખે સુણે,
સદગોર બોધ જે પ્રેમે ભણે. ૨૬૨
મનહર જ્ઞાન વિચારે જેહ,
સંસાર બંધનથી છૂટે તેહ. ૨૬૩
સંસાર સમુદ્ર મહા મોહ જાળ,
સદગોર બોધ તે નાવજ સાર. ૨૬૪
સાધન અનુભવે સેવે જેહ,
સુખે પ્રેમ પદ પામે તેહ. ૨૬૫
તુકી...મોક્ષ માર્ગ તે પ્રેમ પદ,
મુનિવર સમજે મન,
અંતર ઘટ આદર કરો,
તો નિર્મળ હોવે તન. ૫૩

આદિ, સદગોરે ભાખ્યું જેહ,
અંતર આત્માએ લખીયું તેહ, ૨૬૬
નિમિત માત્ર સ્વ. ખાકીનો દાસ,
કર્તાહર્તા શ્રી અવીનાશ. ૨૬૭
બ્રહ્મ જ્ઞાન કહી સમજાવ્યું,
અંતર માંહે નિર્મળ થાવું. ૨૬૮
નિર્મળ થઈ નિત્ય ધરવું ધ્યાન,
એક મને, ભણવું મનહર જ્ઞાન. ૨૬૯
સાધન વિચાર વિવેક કરવો,
સદગોર બોધને ચિન્તે ધરવો. ૨૭૦
તુહી....ચિત્ત સાધન પ્રબોધનું,
સુણી મનહર બોધ;
સમરણુ એક ચિન્તે કરો.
ને સજ્જન અંતરમાં બોધ. ૫૪
ગ્રંથ સંપૂર્ણ મહા અભિલાષે,
બોરાટ નગરમાં કરવા નિવાસ. ૨૭૧
સજ્જન, ઓળખવા કારણ માટે,
કરીએ વાસ નગર બોરાટે, ૨૭૨
બસો પંચોતેર કડીનું બ્યાન,
તેમાં કહ્યું જે તત્વ જ્ઞાન. ૨૭૩
સં. બે હજાર બાવીસ સાલ,
નથી આમાં નવીનતાનો ખ્યાલ. ૨૭૪
જેવું સ્વ. શ્રી ખાકીએ ગાયું,
તેવું અંતર આત્માએ ગ્રહ્યું. ૨૭૫

તેમાં સત્યનો પ્રકાશ કેવો,
અનંત સૂર્ય ઝાંખા પડે તેવો. ૨૭૬
તેને ચળે કોઈ જ્ઞાની સંત,
તેવા સંત ત્યાગી મન મૂકત ૨૭૭
સ્થુળ દેહે જે વિદેહી આપ,
તેવા સંતને સદગોરની છાપ. ૨૭૮
સદગોર મુખી તે બ્રહ્મા જાણ,
તે સંતની પદવી પ્રમાણ. ૨૭૯
તે, પદ જીરવે વિરલા કોયે,
આવે મદ, તો અનર્થ હોયે. ૨૮૦
અંતર આત્મા મદને વારે,
સઘળાં મનનાં કુ લક્ષણ ટાળે. ૨૮૧
ભમરી ચટકા, જે ઇયળ સહે,
તો ઇયળ ભમરી રૂપજ લહે. ૨૮૨
સદગોર બોધ તે ભમરી જાણ,
અજ્ઞાની સેવક ઇયળ પ્રમાણ. ૨૮૩
તે બોધ ચટકે આવે શાન,
ટાળે અંતર આત્મા અભીમાન. ૨૮૪
અભીમાન ટળે પ્રગટે નિજ જ્ઞાન,
સદગોર બ્રહ્મની થાયે પિછાન. ૨૮૫
બ્રહ્મ રૂપજ સદગોર જાણ,
તે ગોરથી મળે તેજ નિર્વાણ. ૨૮૬
નિરાકાર સ્વરૂપી તેજ, જાણ,
તેજ સ્વરૂપે નિરાકારજ જાણ. ૨૮૭

તે સ્વરૂપને મળવાનું આ, જ્ઞાન,
આવા અભ્યાસે ટળે અજ્ઞાન ૨૮૮
અજ્ઞાન ટાળી આનંદમાં રહેવું,
ક્રમે ક્રમે તે પંથે વિચરવું. ૨૮૯
પ્રેમ, શ્રદ્ધાની છે બે પાંખો,
દિવ્ય ચક્ષુથી તેજને નિરખો. ૨૯૦
અલ્પ અભ્યાસે, આ પ્રગટ થાયે,
તેમાં ગુણ દોષ સર્વે સમાયે. ૨૯૧
સજ્જનો વાંચીને લેજો સાર,
ક્ષતી જણાય તો કરજો ઉપકાર. ૨૯૨
તેમાં માન અપમાન નહી વધે,
અંતર આત્મા આ કલમે લખે. ૨૯૩
સુધી....કર્યો અનુવાદ મનહર ગ્રંથનો,
અંતરે આણવા વૈરાગ;
જો કોઇક શુરા સમજશે,
તો તેનાં પણ અહો ભાગ્ય. ૫૫



તત્વસાર

સંસારી, વિષયી, કામીનો મર્મ;
યા ને
પ્રભુ, પ્રેમીનો, વિરહી,નો ધર્મ.

જે ભાવથી આ લખું, તે ભાવ રાખો હૈયા માંય;
તો સમજાયે સાખાનો, ભેદ મર્મ મન માંય. ૧

સાખીઓ લખુ છું પ્રેમથી, સજ્જનો લેજો સાર;
જે સાર સહ વિચારથી, ટળે ભ્રાંતી તતકાળ. ૨

સરજનહારે સરજીયાં, પ્રથમ નર ને નાર;
પુરૂષ, સ્રી પ્રકૃતિ યોગથી, માયા, લીલાનો વિસ્તાર. ૩

માયાનું મંડાણ જોગણી, તે જુગતિનો ભેદ અભેદ;
માયા સ્વરૂપ પણ નાર છે, તેના ચલિંત્રનો કહું ભેદ. ૪

માયા કા સુખ ચાર દિન, અહે તું કાં ગેમાર;
સ્વપને પાયા રાજ ધન, પણ જાતાં ન લાગી વાર, ૫

માયા હૈ ઇસ પ્રકાર કી. જાણે વિરલા કોઇ;
એક મીલાવે રામ ને; એક નરક લઇ જાય. ૬

નારી નીરખા ન દેખયે, દેખત કીજે દુર;
દેખતે હો વિખ ચડે, મન વ્યાપે કછુ ઓર. ૭

રૂપ જોઈ લપસી પડયા, રંક અને રાજ કુમાર;
તપસી પણ લપસી ગયા, દેખી ચલિત્ર અપાર. ૮

પર નારી કી પ્રિતડી, પાંચ પ્રકારે જાય;
ધન હરે જોબન હરે, પાંચમે પત જાય. ૯

આ પ્રેમ પદ ભેદ પરખવા, મન મારૂં હરખાય;
સાચો પ્રેમ પદ પામવા, દિલડું વ્યાકુળ થાય ૧૦

તે પ્રેમ પ્રભુનું સ્વરૂપ છે, સમજી લ્યો સહુ કોય;
પ્રેમ મુજ તુજ દિલમાં વસે, હું, તું, ઝંખે મનમાંય. ૧૧

જ્યાં નજર કરૂં ત્યાં હું,જ છું, હું, વીના નહી કો ઠામ;
કામી, ક્રોધી, મમ, તમ, રૂપ છે, હું, તું, એકજ જાણુ. ૧૨

બાહેર દ્રષ્ટિ નવ રાખીયે, અંતર દ્રષ્ટિએ જોય;
પ્રત્યક્ષ અનુભવે પારખી, ભેદ જાણો સહુ કોય. ૧૩

સબ ઘટ સાંહી વસી રહયો, તો કામી દુજો ન કોય;
કામી જન તેને કહો, જેને માયા સું પ્રિત હોય. ૧૪

ઈન્દ્રિય વિષયસે અધિક હે, સંસારી વિષયી કી રીત;
સંસારીને વૈરાગી માં, કદી ન હોવે પ્રિત. ૧૫

જેમ કેફીને દારૂ મલે, ભૂલે દેહનું ભાન,
તેમ સાખીના શબ્દો તણી. મસ્તી મમ અંતર જાણુ ૧૬

જેઅણી રૂપ સ્વરૂપ છે, તેની માયા અપરંપાર;
હું, ને તું, ને સમજવા, કરૂં એનો વિસ્તાર. ૧૭

ગયો હતો, શાહોજીના ધામમાં, પીરાણા મુકામ;
પાછા ફરતાં પ્રેમથી, લખવા બેઠો આ કામ. ૧૮

સો મેઘ યજ્ઞ કરાવીને, શ્રીજીએ કરી લીલા અપાર;
પાંડવ લોક અપવાદથી, ખળભળયું હસ્તીના પુર. ૧૯

ધોબીના લોક અપવાદથી, જેમ રામે તજી સીતાય,
તેવા મમ, તમ, વાદથી, મનમાં કાંઈ કાંઈ થાય. ૨૦
સતી સીતા શ્રી રામની, એક પતિવ્રત નાર;
પાંડવ પત્નિ દ્રૌપદી, તેના પાંચ ભરથાર. ૨૧
ભાગ્ય પ્રમાણે ભોગવે, કેવી વિપરીત વાત;
તેમ છતાં વ્યાસજી કહે, શંકા ન લાવો ભ્રાત. ૨૨
જે પત્નિ વ્રત શ્રી રામજી તેજ શ્રી કૃષ્ણ રૂપે સાર,
સોળ સહસ્ત્ર ગોપીથી, કેમ કર્યો વહેવાર ૨૩
કામી ને વ્યભિચારીમાં, ભેદ નહી લગાર;
તેવા કામી જનને, લાખો વાર ધિક્કાર. ૨૪
હું, તું, ના ગુરૂ એક છે, ભેદ તેમાં મત જાણ;
હરી, તે હર. ને હર, તે શ્રી હરી, એમ મનહર કહે છે જ્ઞાન ૨૫
સતવેણીમાં શ્રીજી કહે, જાહેર સરાબ જે આંખ;
ભીતર સરાબ સેતાન હે. તે તો હે, ડ મત રાખ. ૨૬
તેવા સદગોર વચનને, સમજી ગ્રહોને સાર;
તમ તો સાગર પાર હે, મમ નાવ છે મજધાર. ૨૭
પવન લાગે છે પ્રેમનો, મન હાલક ડોલક થાય;
જોનારા મજ ધારથી, બહાર કરે ચિંતાય. ૨૮
મસ્તક ઉપર ધૂળ પડે, ખટકે નહી જલગાર;
નયનમાં જો કણ પડે, વેદના અપરંપાર. ૨૯
ધૂળ રૂપી લોક અપવાદ છે, મસ્તક સ્થુળ દેહ જાણ;
નયન પ્રભુ રૂપ પ્રેમ છે, તે પ્રેમ તૂટે પત જાય. ૩૦

ઘટ ઘટ એકજ આંપ હૈ, એક અનેક જો સાર;
સદગુરૂ કૃપાએ હુ લખું, થેડા માં હે અપાર. ૩૧
મન સ્થિર કરો, મુનિવરો, તમે ના કરો પરાઈ વાત;
મનનું લક્ષણ એજ છે, જે કરે અરી પરી વાત. ૩૨
પર ઉપકારી પરમાર્થિ, હરિજન તેનું નામ;
કામ ક્રોધ વ્યાપે નહી, નિર્મળ બુદ્ધિ તમામ. ૩૩
એક મૂરત ત્રણ દેવ છે, તે કહીએ એક સમાન;
ત્રણ ગુણ પ્રતિતે થાય છે, દ્રઢ મન કરી પિછાન ૩૪
સાધન કરો વૈરાગનું, તો સકળ પદાર્થ સિદ્ધ થાય;
વણ વૈરાગે માનવી, અર્થ સરે ના કાંય. ૩૫
પરમાર્થ બુદ્ધિ રાખીયે, તો ચિન્તે આવે જ્ઞાન;
ચિત ચોકખાં ચંદન કરો, તો ટળે મોહક અજ્ઞાન. ૩૬
પરમાર્થી સદગુરૂ મીલે, શંકા ટળે મન માંય;
શંકા ટાળી સમજી રહે, જ્ઞાન દિપક હૃદયે જાણ. ૩૭
જીવન મૂકત હોઈ રહો, વિષય તજો ને વિકાર;
જો મન ખેલે મોકળાં, તો મન બેસાડો ઠાર. ૩૮
અજ્ઞાન ટળે સદ જ્ઞાનથી, મન પામે અવિચળ ઠામ;
તેને ના ઉપજે ઉરથી, અહંકાર, ક્રોધ, ને કામ. ૩૯
પૂર્ણ વિષ્ણું સાચા અલી, અનત રૂપ અપાર;
અનંત રૂપ અ રૂપના, તેનો પ્રેમે સમજો સાર. ૪૦
કામી, ને વ્યભિચારી છે, તે તો નુગરા જાણ;
તેથી પણ નુગર કહયા, મદ, મોહ,માં મસ્તાન. ૪૧

પેલી નારી કોન હૈ, કોન હૈ, નાત કે જાત;
વણુ પ્રી છે વણુ પારખે, નારી જાત સુજાત. ૪૨

મેનાવતી નારી હતી, ગોપીચંદની માત;
તે જોગી જાલંધર સંગથી, તજી ગોપીચંદે અજ્ઞાત. ૪૩

અજ્ઞાતમાંથી એ જ્ઞાતમાં, પલટાયો ગોપીચંદ;
તેજ માત ઉપદેશથી, તજ્યો રાજ્યનો ફંદ. ૪૪

કામી જન કોને કહું, તે મમ મન સંદેહ;
સંદેહ ટાળવા વિનવું, જવાબ આપજો એહ. ૪૫

તપસ્વી સામે ખાટકી, કરતો ઘાત અપાર;
પણ મનમાં શ્રીજી સમરતો, પાપે ડરતો અપરંપાર. ૪૬

ખાટકીનાં બાહેર કર્મને, જોઈને કરતો ચિંતાય;
તે, ચિંતાથી પૂન્યનો, પ્રભાવ ખાટકીને થાય. ૪૭

મોરલીનો નાદ સુણી, જેમ ગોપી ભૂલતી ભાન;
તેવો પ્રભુ પ્રેમ પ્રગટીઓ, તમામ અંતરમાં જાણ. ૪૮

પાંખ હોત જો વૈજ્ઞાનની, ઉંડી જાત આસમાન;
લાચારી છે તેટલી, પણ પ્રેમ પાંખ અંતર જાણ. ૪૯

મોહસ્તરના મંત્રથી, ઘાયલ થયો સરદાર;
વૈરાગ્ય શતકનું વર્ણન કર્યું, સ્ત્રી, પુરૂષ, કામનો કહ્યો સાર. ૫૦

સંસારી તેને કહો, જેની પ્રપંચ ઉપર પ્રિત;
અસત્યને જે સત્ય કહે, તે જ્ઞાની તણી નહી રીત. ૫૧

ઘટ ઘટ હરી વસી રહયો, તમે જોઈ લેજો જાણ;
દેહ થકી નવ અળગો વસે, એમ સદગુરૂ કહે છે જ્ઞાન. ૫૨

ગુલાબ માંહે સુગંધ છે, સાકર માંહે મિઠાશ;
તેમ બાકી ગુણ છે સર્વમાં, મમ અંતર તેનો પ્રકાશ. ૫૩

મનુષ્ય તન દુર્લભ છે, મલે ન ફરી ફરી વાર;
આશા તૃષ્ણા રહી જશે, તો લખ ચોરાસી હાર. ૫૪

આપીઓ લખી આ પ્રેમથી, સમજી સહુ લેજો સાર;
જે સાર સહ વિચારથી, ટળે ભ્રાંતી તતકાળ. ૫૫

અનામીને સંબોધીને, લખીયો આ વિસ્તાર;
જ્ઞાન વિજ્ઞાને સાર ગ્રહે, તેનો બેડો પાર. ૫૬

મુજમાં જે અજ્ઞાન છે, તે સહુ જાણો આપ;
તેમ છતાં સહુ સજ્જનો, અનામીને કરજો માફ. ૫૭

મન મધુરતન કવિ બાબુ છે, પ્રભુ પ્રેમ રૂપ નાટક હોય;
પ્રભુ પ્રેમ રૂપ રસ સમજતાં, જન સમૂહ મન હરખાય ૫૮

જન સમાજ લોક અપવાદથી, પ્રભુ પ્રેમ રસ તુટી જાય;
નાટક પાત્ર દિલ દુઃખ નહી, પણ જોનારા પસ્તાય. ૫૯

બેદવારો વનસ્મારો કરે, તો વિચારે પાત્ર મનમાંય;
અસલ સ્વરૂપને નકલમાં, પણ પ્રેમ રસ પ્રગટ ન થાય. ૬૦

હે. અનામી-અંતર આત્મા

Introudction and Life of Bawa Ahmadali Khaki (Gulam Haider)

સ્વ. ખાકી સાહેબ કોણ ?

સ્વ. બાવા સાહેબ અહમદઅલી ખાકી

(ગુલામ હૈદર)

શ્રી ગુરૂકૃપા — અચકાતી કલમે

લે. : અંતર આત્મા

આસ નિમિત્તે અલ્પ અભ્યાસે સ્વ. ખાકી સાહેબ વિષે થોડુંક લખવા આ પ્રથમ સાહસ કરૂ છું. તેઓશ્રીના વિષે તેઓશ્રીની પ્રેરણાથી ખુલ્લા મનથી લખવા બેસું તો મોટું દળદાર પુસ્તક લખાય, એવાં તેઓશ્રીનાં પરમાર્થિક કાર્યો મારી નજર સમક્ષ હોવા છતાં અચકાતી કલમે ટુંકમાં લખીશ.

૧. ખાકી શબ્દને તેઓશ્રીએ જીવનમાં ખાક ગુણથી, ચારિત્ર્યથી, શોભાવેલ હતો. તેઓશ્રીએ મનહર જ્ઞાન પુસ્તકમાં જે બ્રહ્મજ્ઞાન ઉપદેશ આપેલ છે, તે ઉપદેશથી વાચકોને, જીજ્ઞાસુઓને પણ ખાક ગુણી બનવા હેતુથીજ પાંચ જ્ઞાને ઇન્દ્રિઓ, પાંચ કર્મ ઇન્દ્રિયોને વારવા, તેમજ આઠ મદ, અભિમાનના કામ, ક્રોધ, મદ, માન, મોહ, લોભ, મમતા વગેરેને મનના સાધનથી જીતવા, સદગુણો, વિવેક, વિચાર, શમ, દમ, ત્યાગ, વૈરાગ, નિસ્વાર્થ સેવાભાવ, વાત્સલ્ય ભાવથી સદગુણ સંપન્ન, પરમ પરમાર્થી જીવન જીવવા તેઓશ્રીએ ચારિત્ર્યથીજ ઉપદેશ આપેલો.

તેમણે શ્રી સતપંથ સનાતન સમાજને તદ ઉપરાંત અન્ય ધાર્મિક શાખા સંપ્રદાયોને કેટલાયેક પ્રકારથી સેવાઓ આપી છે.

પુરાણું સાહિત્ય આજથી, ચાલીસ પચાસ વર્ષ અગાઉના સમયમાં છપાવી પ્રસિદ્ધ કરેલ, તે સમયનું તત્વજ્ઞાન તેમાંથી વાંચતાં સ્વાભાવીક તેઓશ્રીના પ્રત્યે સૌ કોઈને માન ઉપજે છે.

૨. કુદરત આદ નારાયણની અ,પુરૂષ વાણીને, આદેશને, ગ્રહણ કરનારા પ્રતિનિધીઓ પૈકીના પેગમબરો પૈકીના તેઓ પણ એક પેગમબર પ્રતિનિધી હતા, જે આ દેશમાં બ્રહ્મા, વિષ્ણું, મહેશ ગોર અને નર સ્વરૂપે, કેવી કળાએ, યુક્તિ અને લીલા કરે છે. તે સમજવા ગુહ્ય અને અગમ્ય ભેદ વર્તમાન યુગના સમયમાં તત્વ જ્ઞાનથી તેમણે સમજાવ્યું. કેટલાક માનસિક કુશળતા વાળા વિદ્વાનો અને સંતો પણ તે કળા તે કુદરતની યુક્તિમાં ભ્રમમાં પડે તે સ્વભાવીક છે. કારણ કે તેઓશ્રીએ તેમની કલમેજ તેનો ખુલાસો બાબારામ સુબોધમાં, તેવા માનસિક કુશળતા, અને આત્મિક કુશળતા વાળાની બુદ્ધિ, જ્ઞાન, ભેદ સમજવામાં જમીન આસમાનનું અંતર બતાવેલ છે. માનસીક કુશળતા વાળા હુન્નર, ઉદ્યોગ, ધંધા વેપારથી ધન મેળવવામાં નાસવંત રિદ્ધી સિદ્ધી મેળવવામાં કુશળ રહેશે. આત્મિક કુશળતાવાળા શ્રી સદગોરના સદ ઉપદેશ તરફ લક્ષ આપી દૈવી વિચાર ગ્રહણ કરી, દાનવી વિચારથી ડરીને ચાલશે. તેમ છતાં માનસીક કુશળતા વાળાની આ જગતમાં વાહવાહ અને પ્રશંસા થશે, આત્મિક કુશળતા વાળા

ની સંપૂર્ણ કસોટી આદિ કાળથી થતી આવી છે તેમ થશે અને દૈવી વિચારના રક્ષણ માટે પરમાત્માને પ્રગટ અવતાર લેવાનું કારણ નિમિત્ત બનશે "રઘુકુળ રીત સદા ચલી આઈ, પ્રાણ જાય પણ વચન ન જાઈ" તેવું શ્રી ખાકી સાહેબે તેમની કલમે ભાભારામ પુસ્તક સદ ઉપદેશમાં પણ બતાવેલ છે.

૩. મારી યુવાન અવસ્થામાં તેઓશ્રીની હયાતીમાં મારા પ્રત્યે તેમની અસિમ કૃપા હતી. મને અમદાવાદમાં રાયપુર સંસ્કૃત પાઠ શાળામાં સંસ્કૃતનો અભ્યાસ કરવા તેઓશ્રીએ દાખલ કરાવેલ. પરંતુ સ્વ. ગાંધી મહાત્માની સન ૧૯૪૭ની ચળવળમાં શાળાઓ બંધ થવાથી તે અભ્યાસ અધૂરો રહયો. ત્યારબાદ તેઓશ્રી સં ૧૯૯૯ના પો. સુ. ૧૪ના અમરપદને પામ્યા તેમણે તેમની હયાતીમાં તે સમયને અનુરૂપ ઘણું સાહિત્ય સમાજને ચરણે ધર્યું છે. સં. ૧૯૭૮માં સત્યપદ બોધિની, યજ્ઞવિધિ, આજ્ઞાપત્ર, સં. ૧૯૮૧માં કર્મ પ્રયોગ, સં. ૧૯૯૨ માં ચેતામણી, ચિત્તવરણી સં. ૧૯૯૪માં સતવેણી, સં. ૧૯૯૫માં યોગવાણી, સં. ૧૯૯૬માં સત્યબોધ, ભાભારામ સુબોધ, સંવત ૨૦૧૪માં પ્રેમપાઠ બીજી આવૃતી, સં. ૨૦૧૫માં આજ્ઞાપત્ર ચોથી આવૃતી વગેરે સાહિત્યમાં શ્રી હરિઆદ નારાયણનાં સાકારી અવતાર સ્વરૂપે આદિકાળથી ચાર કલફ, ચાર જુગના મુખ્ય દસ અવતારો સહિત શ્રી હરિનાં જીવન ચરિત્રોને પ્રગટ કરી શ્રી હરિનાંજ ગુણનાં વર્ણન કરેલ છે તેવા જ્યોતિ સ્વરૂપ, તત્વજ્ઞાનના પ્રકાશથી મારી કલમે તેઓશ્રીને મારા જીવનના તેમ સમાજના જ્યોતિ સ્વરૂપ, પ્રકાશમાન, ઉત્તમ સાહિત્યકાર, લેખકની ઉપમા આપું તો તે યોગ્ય સ્થાને છે.

૪. તેમની હયાતીમાં તેમના અંતરની કલ્પનાઓને કુદરતના આદેશ મુજબ એ પુરૂષ વાણીને સાકાર-સ્વરૂપ આપવા માટે યોજનામાં, આજ્ઞાકિંત સેવા મંડળની સ્થાપના કરવાની આશા રાખી હતી. તે હેતૂથી તે આશા પૂર્ણ કરવા તે યોજનામાં તા. ૧-૧૧-૩૯ની જાહેર પત્રિકાઓ છપાવી તેવા ઉમેદવારી પ્રતિનિધિઓની પસંદગી કરવા શરૂઆત કરેલા, તેમાં તે પત્રિકામાં ચાર પ્રતિનિધિઓની યાદી તેમણે બહાર પાડેલી.

૧ મારા સ્થૂળ દેહે પિતાશ્રી કાનજીભાઈ રતનાભાઇ રહેવાસી રામપુરા કંપા તા. બાયડ

૨ મુખી દેવજીભાઈ લાલજીભાઈ મુ મહેંદીપુરા કંપા તા. બાયડ

૩ ભગત અરજણભાઈ સવગણભાઈ મુ દેશઈપુરા કંપા

૪ મુખી રામજીભાઇ પેથાભાઈ મુ. હીરાપર

”

આમ પ્રાથમિક શરૂઆત કરેલી તે યોજનામાં ગામે ગામથી એક ઉમેદવાર ઉપસ્થિત થાય તેવી આશા રાખેલી.

ઉપર જણાવેલા પ્રતિનિધીઓની જાહેર સેવાઓ પૈકી અત્રે ટુંક નોંધ આપીશ તો તે પણ યોગ્ય સ્થાને લેખાશે.

દશ અવતારની કથાઓ, સેવા ભાવે, કપડવંજ તાલે કૃષ્ણાતલ કમ્પામાં, હડમતીયા કમ્પામાં, દેશાઇપુરા, લક્ષ્મીપુરા, મેઘપુરા, મહેંદીપુરા, લાલુકંપા, વડાલી વિભાગમાં ગાડુ કમ્પા, કંડાલી કમ્પા, કચ્છ વિભાગમાં, ગામ ખેડોઇ, મમાઇ મોરા,

થરાવડા, કોટડા, ટોડીયા, આનસર, વગેરે ગામોએ પરમાર્થ ભાવે સતસંગ સેવાર્થે સમય અને નાણાંનો ભોગ આપી ફરજ અદા કરે છે, તેવા કાર્યોમાં સમાજના અગ્રણી સદગૃહસ્થો, કવિ કિર્તનકારોનો સહકાર પણ મદદરૂપ હોય છે. આ તમામ કાર્યો ઉપર જણાવેલા પ્રતિનધીઓ મારફતે સ્વ. ખાકી સાહેબે જે આદેશ મુજબ કલ્પના કરેલાં તેમાંની પવિત્ર ભાવનાનાં ફળ રૂપેજ લેખાય.

૫. તદ ઉપરાંત સ્વ. ખાકી સાહેબની પ્રેરણાથી મારી ફરજમાં સેવા કરવાની અને જે તક આપી તે પૈકી ટુંક નોંધ આપી ગુણદોષની ક્ષમા માગીશ.

વીસેક વર્ષ અગાઉ હડમતીયા કમ્પાના વેલજીભાઈ પ્રેમજીભાઈએ એક જાહેર પત્રિકામાં જણાવેલું કે પિરાણા સતપંથીઓમાં તત્વજ્ઞાન નથી, અહં બ્રહ્માસ્મિનું જ્ઞાન નથી, તેમ સાબિત કરવા તેમણે સ્વામી શ્રી માધવતિર્થનું શરણ લીધું અને તેમના દ્વારા તત્વજ્ઞાન, સતપંથ સમાજ પણ મેળવે, તે હેતુથી એક જાહેર પત્રિકામાં સતપથના સુધારા, સનાતન ધર્મનો અભ્યાસ વગેરે પુસ્તકો છપાવી ગ્રાહક માટે લખ્યું, તે મુજબ તેમના પાસેથી તે સમયે જરૂરી પુસ્તકો પણ મેં ખરીદ કરેલાં. હાલમાં તેઓશ્રી કેટલાયેક અનુભવમાં મારાથી શ્રેષ્ઠ છે. તેમ હું માનુ છું. તેઓશ્રી તેમની ફરજ અદા કરે છે, હું મારી ફરજ અદા કરૂ છું.

મારા નિમિત્તે મારી કલમે સં. ૨૦૧૨ની સાલમાં પ્રગટ થયેલ જાહેર નિમંત્રણથી કાર્ય દેશાઇપુરા મોટી પુજા

સં. ૨૦૧૩ના એસતા વર્ષે સેવાર્થે છપાવી પ્રગટ કરેલાં સુવાક્યો. સં. ૨૦૧૪માં સબરસ પ્રગટ કરવાની જાહેરાત. સં. ૨૦૧૫માં સબરસ. સં. ૨૦૧૬માં જાગૃતિ લખાણ વિષે મારી અભિલાષામાં કેટલાંયેક વિધ વિધ જાતનાં પ્રકાશનો અને કેટલાંયેક સેવાભાવે સમાજ ઉપયોગી જાહેરાતો છપાવી પ્રગટ કરેલા. સં. ૨૦૧૭માં મારા જીવનની આછી રૂપરેખા તેમાં થિઓસોફી બ્રહ્મ જ્ઞાનનું અવલોકન. સં. ૨૦૧૮માં સ્વ. મહાત્મા ગાંધીનું ભાષણ નવિન ભારત ફરીથી છપાવી પ્રગટ કરેલ. પ્રકાશક : ગાડુ કમ્પાના ખીમજીભાઈ નારણભાઈ. સં. ૨૦૧૯માં શ્રી સતપંથની સાંડી પ્રકાશન પહેલું પ્રકાશક : કરશનભાઈ અરજણભાઈ. સં. ૨૦૨૦માં સુરતનાં ભરૂચનાં અન્ય સમેલનોની આછી રૂપરેખાઓ છપાવી પ્રગટ કરેલ. તદ ઉપરાંત વડાલી વિભાગમાં (શાન્તી મંડળના) ભાઈઓએ સતપથ વિરૂધ્ધ લેખ પ્રગટ કરેલ તેના જવાબમાં તા. ૧-૪-૬૧ના ૩૬ પાનનો જવાબ વગેરે.

ઉપર જણાવેલાં તમામ પ્રકાશનો સ્વ. ખાકી સાહેબની પ્રેરણાથીજ હિંમતનગરના પ્રેસમાં છપાવી પ્રસિધ્ધ કરેલ.

મારા નિમતે અન્ય પત્ર વહેવારો ગુજરાત, કચ્છ, સુરત, પૂર્વ ખાનદેશ, મુંબઈ વગેરે વિભાગમાંથી સંતોષી અને વિઘ્ન સંતોષીઓના સાથે કડવા મીઠા શબ્દોથી આજસુધી પણ ચાલુજ છે. સ્વ. ખાકી સાહેબે તેઓશ્રીની હયાતીમાં સ્વ. નારાયણભાઈ રામજી વગેરે સાથે કરેલા પત્ર વહેવારો તેમજ

તે સમયમાં સમાજ ઉપયોગી ખાકી સાહેબની સેવાઓ લખતાં અનોખું પુસ્તક લખાય જેથી હાલમાં વિશેષ ન લખતાં અચકાતી કલમે થોડુંક લખી સંતોષ અનુભવું છું. અને મારી કલમે મારા પત્રો દ્વારા આજસુધી લખાયેલા, સતોષ, વિધ્ન સંતોષીઓને પત્ર વહેવારમાં તેમના મનને દુઃખની લાગણી પેદા થાય તેવુ લખાયું હોય તો તે બદલ સૌની ક્ષમા માગુ છું સ્વ ખાકી સાહેબ સં. ૧૯[illegible] માગશર સુ ૧૪ના રોજ અમરપદ પામ્યા તે સમયથી આજસુધી તે દિવસે શ્રી સતપથ સનાતન સેવામંડળ તેમનાં શુભ કાર્યો, તેમના નિમિતે આદિ સદગોરોએ ઉપદેશ તત્વજ્ઞાન પ્રગટ થયેલ તેને યાદ કરવા, પ્રસંગ યોજે છે. તેની યાદીમાં આ સં. ૨૦૨૨ના માગસર સુ ૧૪ની તિથી મોડાસા તાબે આનંદપુરા કમ્પામાં ઉજવાય છે. તે પ્રસંગે મારા નિમિ-તે સેવાર્થે કંઈક આપવા મારા હ્રદયમાં સ્વ. ખાકી સાહેબેજ પ્રેરણા આપી હોય તેમ હું તેમનો ઉપકાર માનુ છું. તે પ્રેરણાથી તેમનાં તત્વજ્ઞાન પુસ્તક, મનહર જ્ઞાનનો આ અનુવાદ કરી તેની પ્રસ્તાવનામાં તેમના વિષેજ આ નોંધ લખી અર્પણ કરૂં છું તેમાં ગુણ દોષ તો હોય જ. મારે મન તેમાં ખાસ કાંઇ નવિનતા નથી. મારી ફરજમાં મારા નિયમ ટેકામાં મારા મનની નબળાઈ અને મોળપણ તો હેજ પાંચ પાંડવોમાં સખા ભકત અર્જુનમાં પણ નબળાઇ હતી, કાયરતા હતી; તે સમયે શ્રી કૃષ્ણ ભંગવાને ભગવદ ગીતાનું જ્ઞાન આપ્યું મહાભારતમાં ભિષ્મ પિતાએ ભિષ્મપર્વમાં જે તત્વજ્ઞાન અર્જુનને સમજાવ્યું તેજ તત્વજ્ઞાન મારા સ્થૂળ દેહને પણ સ્પર્શે છે.

મારા સ્થુળ દેહને કર્તાપણાના અભિમાનનું, સેવા ભાવનું, પંડિતાઇનું, જે, જે, પ્રકારનું અભિમાન, હોય તે, તે પ્રકારને સમજવા શ્રી સદગોરજી મને જ્ઞાનચક્ષુની પ્રેરણા આપે, તેવી આશા એ અંતમાં * અચકાતી કલમે *

મારા મનની શાન્તિને ચાહું છું. અને સમાજને ચરણે આ લખાણ અર્પણ કરી મારી ભાવનાને આપ સૌના હૃદયમાં સ્થાન મળે તેવી જીજ્ઞાસા તેવો પ્રેમ સંપાદન કરવા ઝંખના રાખુ છું.

ૐ શાન્તી, શાન્તી, શાન્તી

સતપંથ વિષે : બે બોલ

૧. સત્પંથમાં સત્ય સૂર્યની જેમ પ્રકાશીત છે. સત્યને પ્રગટ કરવાનું સાહસ તે લેખકની મન કલ્પિત પંડિતાઈ ગણાય. સત્યનું સ્વરૂપ વેદોએ વર્ણવેલ છે. સત્ય અને તેના સ્વરૂપમાં ભિન્નતા છે. વ્યાસ મુનીએ, લેખકોએ, કવિઓએ, જે શાસ્ત્રો પુરાણો રચ્યાં છે. તે સત્યના સ્થૂળ સ્વરૂપની લીલાનું વર્ણન છે તે પણ સત્ય છે. જગત પણ સત્ય છે. માયા પણ બ્રહ્મ છે. તેથી તેને પણ મિથ્યા કહેવાનું સાહસ મારી કલમે ન થઈ શકે. જગત અને માયાથીજ સત્યની સ્થુળ દેહનાં સાકાર સ્વરૂપોની પ્રતિતી થાય છે. તેથી તે સકળ સ્વરૂપો પણ સત્ય રૂપજ છે.

૨. વિદ્વાનોએ તેમની વિદ્વતાથી, લેખકોએ સરસ્વતીથી, કવિએ કલ્પનાથી, જે, જે, રચનાઓ પ્રગટ કરેલ હોય, તે, તેમને મુબારક, મારા નિમિત્તે મારી કલમથી સત્યનાં કોઈપણ સ્થુળ સાકાર સ્વરૂપોને ખંડિત ન કરૂં તેટલી વિવેક બુદ્ધિ શ્રી ગુરૂ કૃપાએ મળતી રહે એજ. અંતિમ ઈચ્છા, એજ સદ ભાવના.

લે. અંતર આત્મા

યુવાનીનો મદ

શ્રી ગુરૂ કૃપા   સ્થળ : દેશાઇપુરા રાત્રે બે વાગે
પ્રેરણા તા. ૩૦-૧૨-૬૪   લે. અંતર આત્મા

યુવાનીના મદમાં હું તો ભૂલ્યો મારૂં ભાન;
ભૂલ્યો મારૂં ભાન તેથી નહી ન શુધ્ધ કે શાન—ટેક
નવ માસ માતાના ગર્ભમાં રહી, કષ્ટ વેઠતો સુનસામ;
તે બંધનથી મૂકત થવા મેં, કોલ દીધો ઘનશ્યામ-યુવાનીના-૧
મારી માતા મને ગોદમાં લેતાં, કરતાં તાં ખુબ વહાલ;
મારા શરીરની મલીનતાને, કરતાં પુરી સંભાળ-યુવાનીના-૨
ટાઢ તડકે ભૂખે તરસે, માતા રહે મમ કાજ;
મને જરાપણ કષ્ટ ન થાયે, તેવી કરતાં સંભાળ-યુવાનીના-૩
માતાની ગોદમાંથી અળગો થઇને, રમવાનું મન થાય;
ભૂખ લાગે ત્યારે સાંભરે માતા, દોડીને ધાવવા જાય-યુવાનીના-૪
માતા ગમે તે કામમાં હોયે, પડતાં મૂકે ત્યાં ને ત્યાંય;
વહાલ કરી સુવડાવે ગોદમાં, કરાવતાં પયપાન-યુવાનીના-૫
પયપાન કરતો રમત ગમતમાં, થતો હું બાળ મસ્તાન;
તે સમયનો અંતર આત્મા, બાળા રૂપે અજ્ઞાન-યુવાનીના-૬
દેશાઇપુરાના યુવાનીયાએ આપી મને શુદ્ધ સાન;
તે શુદ્ધ જ્ઞાનથી અંતર આત્મા. ટાળે તેનું અજ્ઞાન-યુવાનીના-૭
તે અજ્ઞાન ટાળવાને, ઝંખે છે દિન ને રાત;
આ પદની જે રચના અધૂરી, તે કરશે બીજી પ્રભાત-યુવાનીના-૮

મુદ્રક : શ્રી છોટાલાલ ન. શાહ
મુદ્રણસ્થાન : શ્રી હિંમત વિજય પ્રી. પ્રેસ-શુકલરોડ-હિંમતનગર.